Sunday
27.09.2026
*Volume :11 * Issue No.85
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગ્રેટર નોઈડામાં ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ શોની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું

**મોદીજીએ રાજકીય સ્થિરતાને પોતાની ઓળખ બનાવી છે, સતત ત્રણ ટર્મ સુધી દેશના પ્રધાનમંત્રી તરીકે જનતાનો વિશ્વાસ જીતીને તેમણે નીતિઓનો જમીન પર અમલ કર્યો છે**



**વિશ્વભરમાં આટલી બધી ઉથલપાથલ અને અશાંતિ વચ્ચે અને અનેક અવરોધો છતાં, ભારતનો વિકાસ દર આજે વધી રહ્યો છે**




**અનુભવના આધારે નીતિઓમાં ફેરફાર કરીને, નવી નીતિઓ બનાવીને અને તે બધામાં સ્પષ્ટતા દર્શાવીને મોદીજીએ ભારતને સમગ્ર વિશ્વ માટે એક આકર્ષક ઉત્પાદન કેન્દ્ર (મેન્યુફેકચરિંગ હબ) બનાવ્યું છે**



**ડબલ એન્જિન સરકારના કારણે યુપી આજે ભયમુક્ત, રોકાણનું કેન્દ્ર અને દેશના વિકાસનું એન્જિન બની રહ્યું છે**




**યુપીમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઈલો પાકિસ્તાનને ફફડાવતી રાખે છે, જ્યારે અમેઠીમાં ઉત્પાદિત એકે-૨૦૩ એસોલ્ટ રાઈફલોએ નક્સલવાદીઓ અને આતંકવાદીઓના દિલમાં ડર પેદા કરી દીધો છે**

**જેઓ ભારતને 'મૃત અર્થતંત્ર' (ડેડ ઈકોનોમી) તરીકે જુએ છે, તેમની માનસિકતા પોતે જ મૃત છે — તેથી જ તેઓ ભારતની જીવંતતા અને વિકાસ જોઈ શકતા નથી**

**અનુકૂળ રોકાણ વાતાવરણ માટે સારી કાયદો અને વ્યવસ્થા, અનુકૂળ ઔદ્યોગિક નીતિ, સક્રિય સરકાર અને સુવિધા આપવાનો ઉત્સાહ — આ ચારેય યુપીમાં હાજર છે**

**આ ટ્રેડ ફેર સમગ્ર યુપીના ઉત્પાદકો માટે તેમના વેપાર અને ઉત્પાદનનો વિસ્તાર કરવાનું સરળ બનાવશે અને યુપીની ઓળખને વિશ્વભરમાં લઈ જવામાં મદદ કરશે**

**એ જ યુપી, જેની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિએ ૨૦૧૩માં ઈન્વેસ્ટમેન્ટ સમિટ દિલ્હીમાં યોજવાની ફરજ પાડી હતી, તે આજે ઈ૧ ટ્રિલિયન અર્થતંત્રનો લક્ષ્યાંક નક્કી કરી રહ્યું છે — આ ડબલ-એન્જિન સરકારનો જાદુ છે**

**જ્યાં પહેલા વાહન ચોરી અને ચેન સ્નેચિંગનો ગૃહ ઉદ્યોગ પાંગરતો હતો, ત્યાં આજે ડિફેન્સ કોરિડોર, વાહન નિર્માણ અને મેડિકલ ડિવાઈસ પાર્ક બની રહ્યા છે**



**પંડિત દીનદયાળ ઉપાધ્યાયને તેમની ૧૧૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, તેમણે અમલમાં મૂકેલી મુક્ત વેપાર નીતિ — જે સ્વતંત્રતા પછીના યુગમાં સૌપ્રથમ હતી — તે પાછળથી દેશના વિકાસનો પાયો બની**

## 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' પહેલ યુવાનો, નાના સાહસિકો અને લઘુ ઉદ્યોગો માટે નોંધપાત્ર પ્રગતિ લાવી છે અને રાજ્યના આર્થિક વિકાસના મુખ્ય ચાલક તરીકે ઉભરી આવી છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગ્રેટર નોઈડામાં ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ શો (UPITS) ની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ અને અન્ય ઘણા વિશિષ્ટ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આજે ખૂબ જ મહત્વપૂર્ણ દિવસ છે. તેમણે કહ્યું કે ૧૨ વર્ષ પહેલા, ૨૫ સપ્ટેમ્બરના રોજ જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'મેક ઈન ઈન્ડિયા' મિશનની જાહેરાત કરી હતી. આજનો કાર્યક્રમ એવો છે જે 'મેક ઈન ઈન્ડિયા' માટેનો માર્ગ મોકળો કરે છે. છેલ્લા ૧૨ વર્ષોમાં, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ મળીને 'મેક ઈન ઈન્ડિયા'ના માર્ગ પર ચાલીને ભારતને ઉત્પાદન, ડિઝાઈન અને ઈનોવેશનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે કામ કર્યું છે. શ્રી શાહે કહ્યું કે ૧૨ વર્ષ પહેલા ભારતીય અર્થતંત્રની ગણના પાંચ નાજુક અર્થતંત્રોમાં થતી હતી, અને આજે ભારતીય અર્થતંત્ર ટોપ૫ માં છે, જે પ્રધાનમંત્રી મોદીની 'મેક ઈન ઈન્ડિયા' નીતિનું પરિણામ છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે ૨૫મી સપ્ટેમ્બર એ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની ૧૧૦મી જન્મજયંતી છે. તેમણે કહ્યું કે આઝાદી પછી પહેલીવાર દીનદયાળ ઉપાધ્યાયજીએ દેશ સામે મુક્ત વેપાર અને મુક્ત કૃષિ આધારિત આર્થિક નીતિ મૂકી હતી. એ જ આર્થિક નીતિ પાછળથી ભારતના વિકાસનો પાયો બની, પહેલા અટલજીના નેતૃત્વમાં અને ત્યારબાદ શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં. દીનદયાળજીએ સંગઠન આધારિત રાજકારણનો પાયો પણ નાખ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે ભયમુક્ત ઉત્તર પ્રદેશ આજે રોકાણનું કેન્દ્ર અને ભારતના વિકાસનું એન્જિન બનીને ઉભરી રહ્યું છે. ડબલ એન્જિન સરકારના કારણે આ પરિવર્તન આવ્યું છે. આ ફેરફારના કારણે આપણે ઉત્તર પ્રદેશના અર્થતંત્રને ૧-ટ્રિલિયન-ડોલરનું અર્થતંત્ર બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે આજે ટ્રેડ ફેરમાં વિશ્વભરના ખરીદદારો ઉપસ્થિત છે, અને આનાથી ચોક્કસપણે ઉત્તર પ્રદેશમાં રોકાણ, ઉત્પાદન અને વેચાણમાં મોટો વધારો થશે. ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરની આ ચોથી આવૃત્તિ છે. પ્રથમ આવૃત્તિમાં, વિશ્વને ઉત્તર પ્રદેશમાં થયેલા પરિવર્તનથી પરિચિત કરાવવામાં આવ્યું હતું. બીજી આવૃત્તિમાં, ઉત્તર પ્રદેશમાં રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. ત્રીજી આવૃત્તિમાં, રોકાણકારો ઉત્તર પ્રદેશ આવ્યા, અને આજે, ટ્રેડ ફેરની ચોથી આવૃત્તિમાં, તેઓ ૧-ટ્રિલિયન-ડોલરનું અર્થતંત્ર બનાવવા તરફ રાજ્યના વિકાસમાં ભાગીદાર તરીકે કામ કરશે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૫ એ ઈમ્પેક્ટનું વર્ષ હતું, જેમાં ૫ લાખથી વધુ લોકોએ ટ્રેડ ફેરની મુલાકાત લીધી હતી, ૨,૪૦૦ થી વધુ એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા, હજારો કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું અને વેપાર કરારો પણ સંપન્ન થયા હતા. શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ૨૦૨૬માં આયોજિત ટ્રેડ ફેરની ચોથી આવૃત્તિ ૨૦૨૫નો તમામ રેકોર્ડ તોડવામાં સફળ થશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે લગભગ ૨૪ કરોડની વસ્તી ધરાવતું ઉત્તર પ્રદેશ દેશનું સૌથી મોટું રાજ્ય છે. તેની પાસે પુષ્કળ જળ સંસાધનો, જમીન, સખત મહેનતુ કારીગરો છે અને હવે ઉદ્યોગ માટે અનુકૂળ વાતાવરણ પણ છે. એક સમય હતો જ્યારે ઉત્તર પ્રદેશમાં માફિયાઓનું શાસન હતું, પરંતુ ૨૦૧૭માં અમારા પક્ષે અહીં સરકાર બનાવી અને શ્રી યોગી આદિત્યનાથ રાજ્યના મુખ્યમંત્રી બન્યા. યોગી સરકારે સમગ્ર ઉત્તર પ્રદેશમાં માફિયાઓને નાબૂદ કર્યા છે, અને તેના કારણે જ આજે રાજ્યમાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે. તેમણે કહ્યું કે રોકાણના વાતાવરણ માટે પહેલી શરતો સારી કાયદો અને વ્યવસ્થા, અનુકૂળ ઔદ્યોગિક નીતિ, સક્રિય સરકાર અને ઉદ્યોગને સુવિધા આપવાનો ઉત્સાહ છે. આ ચારેય આજે ઉત્તર પ્રદેશમાં હાજર છે, તેથી જ અહીં રોકાણ માટેનું વાતાવરણ ઊભું થયું છે. પ્રધાનમંત્રી મોદીએ રાજકીય સ્થિરતાને પોતાની ઓળખ બનાવી છે. પ્રધાનમંત્રી તરીકે સતત ત્રણ ટર્મ સુધી જનતાનો વિશ્વાસ જીતીને શ્રી નરેન્દ્ર મોદીએ માત્ર નીતિઓ બનાવી નથી પરંતુ તેને જમીન પર સતત અમલમાં મૂકી છે. નીતિઓને વ્યવહારમાં મૂકવાની સાથે, પ્રધાનમંત્રી મોદીએ અનુભવના આધારે તેને સુધારી છે અને નવી નીતિઓ બનાવી છે, જેનાથી ભારત સમગ્ર વિશ્વ માટે એક આકર્ષક ઉત્પાદન કેન્દ્ર બન્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે કેટલાક લોકો ભારતના જીડીપી આંકડાઓ સામે વિવાદ ઊભો કરવાનો પણ પ્રયાસ કરે છે. મૂડીઝે ભારતનો વિકાસ દર અનુમાન ૬% થી વધારીને ૭% કર્યો છે. જાપાનની અગ્રણી રેટિંગ એજન્સી જાપાન ક્રેડિટ રેટિંગ એજન્સી (JCR) એ ભારતનું સોવરેન રેટિંગ BBB+ થી સુધારીને છ- કર્યું છે. છેલ્લા ક્વાર્ટરમાં, ભારતે ૭.૮% નો વિકાસ દર હાંસલ કરીને પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. આજે, વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં, ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. તેમણે કહ્યું કે વિશ્વભરમાં આટલી બધી ઉથલપાથલ અને અશાંતિ વચ્ચે, અને અનેક અવરોધો છતાં, ભારતે માત્ર પોતાનો વિકાસ દર જાળવી રાખ્યો નથી પરંતુ તેને વધુ ઝડપી પણ બનાવ્યો છે. શ્રી શાહે કહ્યું કે અમે ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાનો પ્રધાનમંત્રી મોદીએ દેશવાસીઓને આપેલો સંકલ્પ પૂરો કરીશું. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે આપણી ઈલેક્ટ્રોનિક નિકાસ ૨૦૧૫ની સરખામણીમાં ૧૧ ગણી વધી છે. જુલાઈમાં જીએસટી કલેક્શન ૨.૧૧ લાખ કરોડ રહ્યું હતું, જે અત્યાર સુધીનું જુલાઈ મહિના માટેનું સૌથી વધુ કલેક્શન છે. ૬ રાજ્યોમાં ૧.૬૪ લાખ કરોડથી વધુના રોકાણ સાથે ૧૨ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ કાર્યરત છે, અને અમારો કેપિટલ એક્સપેન્ડીચર (મૂડી ખર્ચ) ૧૨.૨ લાખ કરોડને વટાવીને રેકોર્ડ તોડી ચૂક્યો છે. આ તમામ ઉપલબ્ધિઓ ભારતના વિકાસના પાયાની સાક્ષી છે. તેમણે કહ્યું કે કેટલાક લોકોને ભારતીય અર્થતંત્ર "મૃતઅર્થતંત્ર" લાગે છે, પરંતુ જેમની વિચારસરણી જ મૃત છે તેઓ તેની જીવંતતા જોઈ શકતા નથી. શ્રી શાહે કહ્યું કે કેટલાક લોકો ભારતનો વિકાસ જોઈ શકતા નથી. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં, અમે મોરેશિયસ, યુએઈ, ઓસ્ટ્રિયા, ચાર યુરોપીયન દેશોના સંગઠન, યુકે, ઓમાન, ન્યુઝીલેન્ડ અને યુરોપીયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (FTAs) પર હસ્તાક્ષર કર્યા છે. આ FTAs એ આપણા ઉદ્યોગોની નિકાસ ક્ષમતાને અનેક ગણી વધારી દીધી છે. શ્રી શાહે કહ્યું કે વિવિધ પ્રતિકૂળતાઓ છતાં, ભારતીય અર્થતંત્રે પોતાનો વિકાસ દર જાળવી રાખ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આજે ઉત્તર પ્રદેશમાં ઝાંસી, ચિત્રકૂટ, લખનૌ, આગ્રા, અલીગઢ અને કાનપુર ખાતે ડિફેન્સ કોરિડોરના છ નોડ્સમાં રોકાણ આવી રહ્યું છે. પરિણામે, માત્ર ઉત્તર પ્રદેશ જ નહીં પરંતુ સમગ્ર દેશમાં સંરક્ષણ ઉત્પાદનો વિકસાવવામાં આવ્યા છે, અને અમારું સંરક્ષણ ઉત્પાદન ૧,૭૮,૦૦૦ કરોડ પર પહોંચ્યું છે. ૨૦૧૩-૧૪ની સરખામણીમાં, અમે સંરક્ષણ ઉત્પાદનોની નિકાસમાં ૫૬ ગણો વધારો કર્યો છે, અને આજે ભારતીય સંરક્ષણ ઉત્પાદનો ૮૦ દેશોમાં નિકાસ થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશનો આમાં ખૂબ જ મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. યોગી સરકારે માત્ર ડિફેન્સ કોરિડોરની સ્થાપના જ નથી કરી પરંતુ તેને સુવિધાજનક બનાવવા, તેને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવા અને અનુકૂળ નીતિઓ બનાવવા માટે વ્યાપક કામ કર્યું છે. યુપીમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઈલો પાકિસ્તાનને ફફડાવતી રાખે છે, જ્યારે અમેઠીમાં ઉત્પાદિત એકે-૨૦૩ એસોલ્ટ રાઈફલોએ નક્સલવાદીઓ અને આતંકવાદીઓના દિલમાં ડર પેદા કરી દીધો છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે અગાઉની સરકારોના કાર્યકાળ દરમિયાન, ઉત્તર પ્રદેશમાં ગુનાહિત ઉદ્યોગ પાંગરી રહ્યો હતો, અને આ રાજ્ય દેશી તમંચા અને ગેરકાયદેસર હથિયારોના નિર્માણનું કેન્દ્ર બની ગયું હતું. રાજ્યના શહેરોમાં વાહન ચોરી એક ગૃહ ઉદ્યોગની જેમ ચાલતી હતી, અને ચેન સ્નેચિંગથી યુવાનોને તેમની કુશળતા બતાવવાની તક પણ મળતી હતી. આજે, ૧૦ વર્ષ પછી, દેશી તમંચા ઉદ્યોગનું સ્થાન ડિફેન્સ કોરિડોરે, વાહન ચોરીનું સ્થાન વાહન નિર્માણે અને ચેન સ્નેચિંગ ઉદ્યોગનું સ્થાન મેડિકલ ડિવાઈસ પાર્કે લઈ લીધું છે. તેમણે કહ્યું કે આજે ઉત્તર પ્રદેશ રોકાણને આકર્ષવા માટેનું એક મુખ્ય સ્થળ બની ગયું છે, અને આ પરિવર્તન ડબલ-એન્જિન સરકારના કારણે આવ્યું છે. તેમણે કહ્યું કે એ જ ઉત્તર પ્રદેશ - જેની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના કારણે ૨૦૧૩ની ઈન્વેસ્ટમેન્ટ સમિટ દિલ્હીમાં યોજવી પડી હતી - તે આજે ઈ૧ ટ્રિલિયન અર્થતંત્ર બનવાનો લક્ષ્યાંક નક્કી કરી રહ્યું છે; આ 'ડબલ-એન્જિન' સરકારનો જાદુ છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે યોગી સરકાર બન્યા પછી, અગાઉની સરકારોના કાર્યકાળની ગુંડાશાહી સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ છે, અને આનાથી અહીં ઉદ્યોગો સ્થાપવા માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે. ઉત્તર પ્રદેશ તેની નફાકારક ઔદ્યોગિક નીતિ, ઉદ્યોગોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ અને સમગ્ર દેશમાંથી ઉદ્યોગોને રાજ્ય તરફ આકર્ષવા માટે રેડ કાર્પેટ પાથરીને સારા પરિણામો હાંસલ કર્યા છે. આના દ્વારા યોગી આદિત્યનાથની સરકારે રાજ્યના કરોડો યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે નોઈડા એરપોર્ટ, એક્સપ્રેસવે અને વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સે રાજ્યમાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું છે. પરિણામે, આજે ઉત્તર પ્રદેશ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. ઉત્તર પ્રદેશના સાત શહેરોમાં હાલમાં મેટ્રો કાર્યરત છે, જે દેશના કોઈપણ રાજ્યમાં સૌથી વધુ છે. અમે અહીં 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' (ODOP) સ્કીમ શરૂ કરી છે. ODOP પહેલની સાથે પરંપરાગત હસ્તકળા અને ઉદ્યોગોના જતન થકી રાજ્યના યુવાનો, નાના સાહસિકો અને લઘુ ઉદ્યોગોમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે, જે ઉત્તર પ્રદેશના આર્થિક વિકાસની ધરી બની ગયું છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે એક સમય હતો જ્યારે ઉત્તર પ્રદેશના લોકો રોજગારીની શોધમાં દેશના અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરતા હતા, અને આજે એ જ ઉત્તર પ્રદેશના યુવાનોને 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' યોજનાના કારણે તેમના પોતાના રાજ્યમાં જ રોજગારી મળી રહી છે. પછી ભલે તે ભદોહીના ગાલીચા હોય, મુરાદાબાદના પિત્તળના વાસણો હોય, ફિરોઝાબાદનો કાચ હોય, સહરાનપુરનું વૂડક્રાફ્ટ હોય, કન્નોજનું અત્તર હોય કે બનરસની રેશમી સાડીઓ હોય — આ બધાએ સમગ્ર દેશમાં એક અનોખી ઓળખ બનાવી છે. હમણાં જ, અહીં 'વન ડિસ્ટ્રિક્ટ, વન કુઝીન' (ODOC) ની વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી હતી, જેના દ્વારા વારાણસીની મલાઈયો અને તિરંગા બર્ફી, આગ્રાનાં પેઠા, મથુરાનાં પેડા અને મેરઠની ગજક સમગ્ર દેશના લોકોને-કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી કામાખ્યા સુધી ઉપલબ્ધ કરાવવામાં આવશે. શ્રી શાહે કહ્યું કે આ ટ્રેડ ફેર સમગ્ર ઉત્તર પ્રદેશના ઉત્પાદકોના વેપાર અને ઉત્પાદનને ખૂબ જ સરળ બનાવશે અને સમગ્ર વિશ્વમાં યુપીની ઓળખ પ્રસ્થાપિત કરવામાં મદદ કરશે.

# સુરત સિવિલ હોસ્પિટલમાં માસ્ટર અભ્યાસ કરી રહેલા એક ડોકટરના આત્મહત્યાનો બનાવ અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક છે : આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



## પરિવારને સાંત્વના પાઠવી, સમગ્ર ઘટનાની તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસના આપ્યા નિર્દેશ

કમલમ્,સુરત
સુરત સિવિલ હોસ્પિટલમાં માસ્ટર અભ્યાસ કરી રહેલા રેસિડેન્ટ ડોકટરના આત્મહત્યાના બનાવ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે જણાવ્યું કે આ ઘટના અત્યંત દુઃખદ અને વ્યથિત કરનારી છે. આરોગ્ય મંત્રીએ દિવંગત ડોક્ટરના પત્ની, પરિવારજનો તથા સ્વજનો પ્રત્યે હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરી છે. તેમણે નોંધ્યું કે પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે અને પાછળ એક નાની દીકરી પણ છે, જેને ધ્યાનમાં રાખીને સમગ્ર પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના કરવામાં આવી છે. આરોગ્યમંત્રીએ જણાવ્યું કે મૃતક ડોક્ટરનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે અને તેનો અહેવાલ પ્રાપ્ત થયા બાદ ઘટનાની તમામ હકીકતોના આધારે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાથમિક માહિતી મુજબ આ ઘટના આત્મહત્યાની હોવાનું જણાઈ રહ્યું છે, પરંતુ ઘટનાના ચોક્કસ કારણો અંગે કોઈ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં પોસ્ટમોર્ટમ અહેવાલ તથા તપાસના તારણોની રાહ જોવામાં આવશે. શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે સમગ્ર ઘટનાની તપાસ આરોગ્ય વિભાગને સોંપવામાં આવી છે. આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, તબીબી ટીમ તેમજ આરોગ્ય વિભાગના સચિવને ઘટનાના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવા સૂચના આપવામાં આવી છે. આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ડોક્ટરને આટલું ગંભીર પગલું ભરવાની ફરજ કેમ પડી, તેની પાછળ કોઈ વ્યક્તિગત, શૈક્ષણિક, માનસિક અથવા અન્ય કોઈ કારણ જવાબદાર હતું કે નહીં, તે અંગે સંપૂર્ણ અને તટસ્થ તપાસ કરવામાં આવશે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસના તારણોના આધારે ઘટનાનું સાચું કારણ બહાર લાવવામાં આવશે અને જરૂરી હોય ત્યાં યોગ્ય કાર્યવાહી પણ કરવામાં આવશે. રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ રહ્યા છે અને સત્ય હકીકતો બહાર આવે તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે.





કમલમ્,
નવસારી ના કાબિલપૂર ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે "આંગણાના ઉત્સવ" કાર્યક્રમ મા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી આર પાટીલજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે 'આંગણાના ઉત્સવ' થકી છેવાડાના ગામો અને નગરોમાં આંગણવાડી કેન્દ્રોની કામગીરીને પ્રોત્સાહન મળશે તેમજ બાળ કલ્યાણ અને પોષણક્ષમ આહાર જેવી પાયાની બાબતો પ્રત્યે સામાજિક જાગૃતિ વધુ સુદ્રઢ બનશે. આ કાર્યક્રમ મા નવસારી જિલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, સરપંચશ્રી, આંગણવાડી ના કાર્યકરો, આગેવાનો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગણપતિ બાપ્પાની કૃપાથી સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને નિરોગી જીવનનો આશીર્વાદ વરસે" – આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

## કામરેજ-૧૫૮ વિધાનસભાના ધારાસભ્ય તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા સરથાણા અને પુણા વિસ્તારમાં ગણપતિ વિસર્જન મહોત્સવમાં સહભાગી થયા



કમલમ્,
ભક્તિ, આસ્થા અને સાંસ્કૃતિક એકતાના પાવન પર્વ ગણેશ મહોત્સવના અંતિમ દિવસે કામરેજ-૧૫૮ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય તથા ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આજરોજ સુરત શહેરના કૃત્રિમ તળાવની મુલાકાત લઈ ગણપતિ વિસર્જનની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે સરથાણા તેમજ પુણા વિસ્તારના વિવિધ ગણેશ મંડળો દ્વારા આયોજિત વિસર્જનયાત્રામાં સહભાગી બની ગણપતિ દાદાના ચરણોમાં વંદન કર્યું હતું. મંત્રીશ્રીએ ભક્તો અને ગણેશ મંડળોના કાર્યકરો સાથે મળી રાજ્યના સર્વાંગી વિકાસ, જનકલ્યાણ, સુખાકારી તથા દરેક પરિવારના નિરોગી જીવન માટે પ્રાર્થના વ્યક્ત કરી હતી. આ અવસરે મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "ભગવાન શ્રી ગણેશ વિઘ્નહર્તા અને બુદ્ધિના દેવતા છે. ગણપતિ બાપ્પાની કૃપાથી સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદભાવનાનું વાતાવરણ વધુ મજબૂત બને તેવી પ્રાર્થના છે. ગણેશોત્સવ માત્ર ધાર્મિક પર્વ નથી, પરંતુ સમાજને એકતાના સૂત્રમાં બાંધતો લોકઉત્સવ છે." વિસર્જનયાત્રા દરમિયાન ભક્તોમાં અદભૂત ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. "ગણપતિ બાપ્પા મોરયા... અગલે બરસ તું જલ્દી આ" ના ગુંજતા જયઘોષ સાથે સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. મંત્રીશ્રીએ કૃત્રિમ તળાવ ખાતે તહેનાત અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી સુરક્ષા, સ્વચ્છતા તથા પર્યાવરણમૈત્રી વિસર્જન અંગેની વ્યવસ્થાઓની માહિતી મેળવી હતી તેમજ શ્રદ્ધાળુઓને સુરક્ષિત અને જવાબદાર રીતે વિસર્જન પ્રક્રિયામાં સહભાગી બનવા અપીલ કરી હતી. ગણેશ મહોત્સવના આ પાવન સમાપન પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો, સ્થાનિક આગેવાનો, જનપ્રતિનિધિઓ, ગણેશ મંડળોના કાર્યકરો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રદ્ધા, સેવા, સંસ્કાર અને સામાજિક સમરસતાનો અદ્વિતીય સંગમ સર્જતા આ પળોએ સમગ્ર વાતાવરણને ભાવવિભોર અને ભક્તિમય બનાવી દીધું હતું. "વક્રતુન્ડ મહાકાય સૂર્યકોટિ સમપ્રભઃ, નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા" – વિઘ્નહર્તા શ્રી ગણેશજીના આ આશીર્વાદ સાથે સૌએ ગણપતિ બાપ્પાને ભાવભીની વિદાય આપી હતી.



કમલમ્,
ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલ રક્તદાન શિબિરમાં ઉપસ્થિત રહી રક્તદાતાઓના સેવાકાર્યને બિરદાવ્યું હતું. આ ઉપરાંત શ્રી વિશ્વકર્માએ લીંબડી ખાતે કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે મુલાકાત કરી, તેમના અનુભવો જાણી આત્મીય સંવાદ કર્યો હતો. તેમણે લીંબડી ખાતે આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ સંચાલિત બહુવિકલાંગ બાળકોના ક્ષમતાકેન્દ્ર ખાતે બાળકો સાથે સ્નેહસભર મુલાકાત કરી ભોજન પીરસ્યું હતું. આ અવસરે રાજ્યસભા સાંસદ અને સુરેન્દ્રનગર જિલ્લા ભાજપાના પ્રભારી શ્રી રાજેશભાઈ શુકલ, જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી હાર્દિકભાઈ ટમાલિયા સહિત ભાજપા આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વાપીના છીરીમાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા આંગણ મિલન સેવા કાર્યક્રમનો શુભારંભ કરાયો

## પ્રશંસનીય સેવા બજાવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવી







## મંત્રીશ્રીએ લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કરી બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યુ

કમલમ્, વલસાડ
વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વિકસિત ભારત –જન સેવા અભિયાન અંતર્ગત આંગણ મિલન સેવા કાર્યક્રમનો રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈનાં વરદ હસ્તે છીરી ખાતે આવેલા રામનગરની આંગણવાડી કેન્દ્રથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ એ છીરીની રામનગર આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કરી બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યુ હતું.

બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓ કરવવામાં આવી હતી. પ્રશંસનીય સેવા બજાવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં વાપી મનપાના ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન સતીષભાઈ પટેલ, વાપી શહેર સંગઠનપ્રમુખ મનિષ દેસાઈ, વાપી મનપાના પ્રભારી ભરત જાદવ, છીરીના માજી સરપંચ નુરુભાઈ ચૌધરી, ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નર કિરણસિંહ રણા અને વાપી મનપાના આઈસીડીએસ વિભાગના પ્રોગામ ઓફિસર નિલમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,
સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા ગામે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય સહાયનું વિતરણ કરી તથા તેમની સાથે આત્મીય સંવાદ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રી એચ. એસ પટેલ, અભિયાનના પ્રદેશ ઇન્ચાર્જ શ્રી બ્રિજેશભાઈ મેરજા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, પ્રભારી શ્રી રમેશભાઈ સોલંકી સહિત આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વિવિધ સેવાકીય અને જનસંપર્કલક્ષી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ નિમિત્તે અમદાવાદ જિલ્લાના કાસીન્દ્રા ખાતે શ્રી વિશ્વકર્માએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની છબીને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના પાઠવતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા









## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાને સમર્પિત ૨૫ વર્ષના સેવાકાળમાં થયેલા વિવિધ દેશહિત અને જનહિતના કાર્યો તેમજ વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે કડાદરા ખાતે આયોજિત યુવા સંવાદ કાર્યક્રમમાં યુવાનો સાથે વાર્તાલાપ કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,
દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાહેરજીવનમાં અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લામાં વિવિધ સેવાકીય અને જનસંપર્કલક્ષી વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ, લાભાર્થીઓ, બાળકો, મહિલાઓ અને યુવાનો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ નિમિત્તે અમદાવાદ જિલ્લાના કાસીન્દ્રા ખાતે શ્રી વિશ્વકર્માએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની છબીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

એકાત્મ માનવદર્શન અને અંત્યોદયના વિચારના પ્રણેતા તથા ભાજપા કાર્યકર્તાઓના પ્રેરણાસ્ત્રોત પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના વિચારો અને અંત્યોદયના સંકલ્પને જનજન સુધી પહોંચાડવા અંગે તેમણે ઉપસ્થિત કાર્યકર્તાઓ સાથે આત્મીય સંવાદ કર્યો હતો. આ સાથે ભગવાન શ્રી વિશ્વકર્માજીના મંદિરે દર્શન અને પૂજન કરી તેમણે સૌ નાગરિકોની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. સેવા સંકલ્પ અભિયાનના ભાગરૂપે આજથી સમગ્ર રાજ્યમાં 'આંગણ મિલન' કાર્યક્રમનો શુભારંભ થયો છે. તેના ભાગરૂપે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભાત ગામની આંગણવાડીની મુલાકાત લીધી હતી. તેમણે આશા બહેનો તથા સાથે આત્મીય સંવાદ કરી તેમની કામગીરી અને અનુભવો જાણ્યા હતા તેમજ આંગણવાડીના ભૂલકાંઓને નોટબુકનું વિતરણ અને ફળદાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે 'આંગણ મિલન' કાર્યક્રમ અંતર્ગત ૨૫ સપ્ટેમ્બરથી ૩ ઓકટોબર દરમિયાન સમગ્ર રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીઓમાં કાર્યરત આશા બહેનો અને હેલ્પર બહેનોને સન્માનિત કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવશે તેમજ આંગણવાડીના બાળકોને ફળ અને વિવિધ કીટનું વિતરણ કરવામાં આવશે.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ દસક્રોઈ તાલુકાના ભાત ગામે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે મુલાકાત કરી સંવાદ સાધ્યો હતો. આ દરમિયાન તેમણે વિવિધ જનહિતલક્ષી યોજનાઓના કારણે લાભાર્થીઓના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનો અને તેમના અનુભવો જાણ્યા હતા. અમદાવાદ જિલ્લાના પ્રવાસ દરમિયાન જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ દાવડા, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ સહિત ભાજપા આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ત્યારબાદ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા ગામે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શ્રી વિશ્વકર્માએ વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય સહાયનું વિતરણ કર્યું હતું તેમજ લાભાર્થીઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. કડાદરા મુકામે આયોજિત યુવા સંવાદ કાર્યક્રમમાં પણ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ઉપસ્થિત રહી યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાને સમર્પિત ૨૫ વર્ષના સેવાકાળમાં થયેલા વિવિધ દેશહિત અને જનહિતના કાર્યો તેમજ વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. શ્રી વિશ્વકર્માએ કડાદરા પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીનીઓ સાથે વૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે માતા-બહેનોને વિવિધ રાહત-સહાય કીટનું વિતરણ કરી તેમની સાથે આત્મીય સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રી એચ. એસ. પટેલ, અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ શ્રી બ્રિજેશભાઈ મેરજા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, પ્રભારી શ્રી રમેશભાઈ સોલંકી, ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ સહિત આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ બન્યો ગ્રામીણ ખેડૂતો અને સામાન્ય માનવીની સમસ્યાના ત્વરિત નિવારણનું માધ્યમ

**સપ્ટેમ્બર-૨૬ના રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભાવનગર, મહેસાણા, જુનાગઢ, મોરબી અને રાજકોટના સામાન્ય નાગરિકોની રજૂઆતો સાંભળી નિરાકરણ લાવ્યા**



**સેવા સંકલ્પ અભિયાનને સપ્ટેમ્બર-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં મળેલી નાગરિકોની રજૂઆતોના ત્વરિત નિવારણથી મુખ્યમંત્રીશ્રીએ વધુ ગતિ આપી**

કમલમ્,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન સામાન્ય નાગરિકોની રજૂઆત અને સમસ્યાઓના ત્વરિત નિવારણ માટે ટેક્નોલોજીયુક્ત અભિગમ સ્ટેટ વાઈડ અટેન્શન ઓન ગ્રિવન્સીસ થ્રુ એપ્લિકેશન ઓફ ટેક્નોલોજી- સ્વાગત લોકોની રજૂઆતોના ફળદાયી નિવારણનું સક્ષમ માધ્યમ બન્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન સેવા સાધના અને રાષ્ટ્રહિત માટેના સમર્પણના ૨૫ વર્ષ પુર્ણ થવા અવસરે રાજ્યવ્યાપી સેવા સંકલ્પ અભિયાન યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સેવા સંકલ્પ અભિયાનને સપ્ટેમ્બર-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં મળેલી નાગરિકોની રજૂઆતોના ત્વરિત નિવારણથી વધુ ગતિ આપી છે. દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગતની સપ્ટેમ્બર મહિનાની કડીમાં ૨૦૦ કરતાં પણ વધુ અરજદારો મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગતમાં કુલ ૨,૨૭૭ અને તાલુકા સ્વાગતમાં કુલ ૨,૭૮૦ એમ કુલ ૫૦૫૭ કરતા વધુ અરજદારોની અરજીઓ પરત્વે યોગ્ય જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ભાવનગર, મહેસાણા, જુનાગઢ, મોરબી અને રાજકોટના જે સામાન્ય નાગરિકો પોતાની રજૂઆત સાથે ઉપસ્થિત થયા હતા તેમને શાંતિપુર્વક સાંભળીને મુખ્યમંત્રીશ્રીએ સંબંધિત વિભાગો અને જિલ્લા વહિવટી તંત્રને રજૂઆતોના નિવારણ માટે સુચનો કર્યા હતા. ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના થળસર ગામે ભૂગર્ભ ગટર લાઈનના પ્રશ્નને મુખ્યમંત્રીશ્રીએ હકારાત્મક અભિગમ દાખવી હાલ વૈકલ્પિક વ્યવસ્થા કરવા તેમજ સ્થળ ચકાસણી કરી ફિઝિબિલીટીના આધારે ગટરલાઈન નાખવા મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક વહીવટી તંત્રને જણાવ્યું હતું. મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષિત પાણીના નિકાલ અંગે ગંભીર નોંધ લઈ મુખ્યમંત્રીશ્રીએ વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવને આવા ઔદ્યોગિક એકમો વિરુદ્ધ કડક પગલા લેવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં લાબરકુવા-મેણેજ ગામના રસ્તાનું કામ સ્થાનિક કક્ષાએ વિરોધના કારણે લાંબા સમયથી પડતર હોવાની થયેલી રજૂઆત અંગે તેમણે જિલ્લા કલેક્ટરને દિવાળી પહેલા રસ્તાની કામગીરી પુરી થાય તે જોવા તાકિદ કરી હતી. રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના વિસ્તારમાં ભંગારનો ધંધો કરનાર વ્યક્તિ દ્વારા નાગરિકોને ટ્રાફિકમાં અડચણરૂપ થાય તેવી પ્રવૃત્તિ અંગે જે રજૂઆત મળી હતી તેમાં મુખ્યમંત્રીશ્રીએ મ્યુનિસિપલ કમિશનરને સત્વરે કાર્યવાહી કરવા તેમજ જરૂર જણાયે જગ્યા સીલ કરવાની સુચના સાથે અઠવાડીયામાં રજૂઆતનો નિકાલ કરવા નિર્દેશ આપ્યા હતા.

આ ઉપરાંત મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં ખેડૂતના ખેતરમાં એસ.ટી.પી.ના ગંદા પાણીના નિકાલ અંગેની રજૂઆતના સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦ દિવસમાં ૯૦૦ મી. પાઈપલાઈન નાખી રજૂઆતનું નિરાકરણ લાવવા મ્યુનિસિપલ કમિશનરને જણાવ્યું હતુ. બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી સંદર્ભમાં ઉદ્યોગને છેલ્લા ત્રણ વર્ષથી જે બાંધકામ પરમિશન મળતી ન હતી તેનું જરૂરી નિરાકરણ ૧ માસમાં જ લાવવા મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ અગ્ર સચિવ અને ચીફ ટાઉન પ્લાનરને સુચના આપી હતી. મુખ્યમંત્રીશ્રી સપ્ટેમ્બર-૨૦૨૬ના આ રાજ્ય સ્વાગતમાં ખેડૂતોના ખેતરમાં વરસાદી પાણીના નિકાલ, સાફ-સફાઈ, દબાણ તેમજ શહેરી વિકાસ સત્તા મંડળને સ્પર્શતી રજૂઆતો માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપીને નાગરિકોની રજૂઆતોનો સમગ્રતયા હકારાત્મક અભિગમથી ઉકેલ લાવ્યા હતાં.

મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારી શ્રી ધીરજ પારેખ, રાકેશ વ્યાસ અને સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યાં હતા.

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતી નિમિતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી

**ઉર્જા અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ દર્શનાબેન વાઘેલા રહ્યા ઉપસ્થિત**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતી નિમિતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદના કાંકરિયા ખાતે અનુપમ બ્રિજના છેડે સ્થાપિત પંડિત દીનદયાળ ઉપાધ્યજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા હતા. આ તકે તેમની સાથે ઉપસ્થિત સૌ મહાનુભવોએ પણ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલિ કરી નમન કર્યા હતા. આ પ્રસંગે શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, પૂર્વ મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, શહેર અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, શહેરના ધારાસભ્યો શ્રી અમૂલભાઈ ભટ્ટ, શ્રી અમિતભાઈ શાહ, શ્રી અમિતભાઈ ઠાકર, ડેપ્યુટી મેયર શ્રીમતિ અંજૂબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, મ્યુનિ.કમિશનર શ્રી બંછાનિધી પાની, તથા સ્થાનિક કોર્પોરેટશ્રીઓ, મ્યુનિ.ના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા પાવરગ્રિડ એસસી/એસટી કર્મચારી કલ્યાણ સંઘ દ્વારા સંકલ્પ દિવસ ઉજવાયો

કમલમ્,વડોદરા,

પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ પશ્ચિમ ક્ષેત્ર-II અને પાવરગ્રીડ SC/ST કર્મચારી કલ્યાણ સંઘ, પશ્ચિમ ક્ષેત્ર-II એ ગત તા.૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વડોદરામાં સંકલ્પ ભૂમિના પવિત્ર સ્થળ ડૉ. બાબાસાહેબ આંબેડકરના રાષ્ટ્રીય સ્મારક ખાતે સંકલ્પ દિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રધ્ધાંજલિ આપવા માટે આવેલા મોટી સંખ્યામાં મુલાકાતીઓને પાવરગ્રીડની વિવિધ જાહેર કલ્યાણકારી સેવાઓ અને કાર્યો વિશે માહિતી પ્રદાન કરવા માટે એક ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાવરગ્રીડ દ્વારા પ્રદર્શની સ્ટોલનું ઉદ્ઘાટન ધારાસભ્યશ્રી અક્ષયભાઈ પટેલ, મેયર શ્રીમતી ગીતાબેન મકવાણા, શ્રી એસ.કે.દાસ- મુખ્ય મહાપ્રબંધક- પ્રોજેક્ટ, શ્રી રાજેન્દ્ર કુરાવા મુખ્ય મહાપ્રબંધક, પરિસંપત્તિ પ્રબંધન અને શ્રી અજિત પરીદા વરિષ્ઠ



મહાપ્રબંધક, માનવ સંશાધન સહિત પાવરગ્રીડના અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને પાવરગ્રીડ એસસી/એસટી કર્મચારી કલ્યાણ સંઘ, પશ્ચિમી ક્ષેત્ર-૨ દ્વારા સતત ચોથી વખત સંકલ્પ ભૂમિ ખાતે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાવરગ્રીડ દ્વારા કરવામાં આવતા વિવિધ જાહેર કાર્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લગભગ ૧૦ હજારથી વધુ મુલાકાતીઓ સહભાગી થયા હતા.

**આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક કાર્યવાહી**

## સુરતના પલસાણા તાલુકામાં મમતા દિવસ દરમિયાન થયેલી ગંભીર બેદરકારીના બનાવમાં જવાબદાર મહિલા હેલ્થ વર્કર સસ્પેન્ડ: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



કમલમ્,સુરત,

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કણાવ હેઠળના સબ સેન્ટર પલસાણા-૦૧ ખાતે તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલા મમતા દિવસ રસીકરણ કાર્યક્રમ દરમિયાન થયેલી ગંભીર બેદરકારીના બનાવને રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગે અત્યંત ગંભીરતાથી લીધો છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઘટનાની તાત્કાલિક તપાસ હાથ ધરી જવાબદાર મહિલા હેલ્થ વર્કર સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. માહિતી અનુસાર મમતા દિવસ દરમિયાન કુલ ૭ બાળકોને નિયમિત રસીકરણ આપવામાં આવ્યું હતું. રસીકરણ બાદ બાળકોને પેરાસિટામોલ કિડ ટેબ્લેટ આપવાની પ્રક્રિયા દરમિયાન ભૂલવશ પેરાસિટામોલના બદલે ગ્લાઈમિપિરાઈડ-૨ એમ.જી.ની ટેબ્લેટ પાંચ બાળકોને આપવામાં આવી હતી. દવાની આડઅસરના લક્ષણો જણાતા સંબંધિત પાંચ બાળકોને તાત્કાલિક સારવાર માટે વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જિલ્લા આરોગ્ય તંત્ર, આર.સી.એચ.ઓ. તથા આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાત્રિના સમયે સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગ અને પીઆઈસીયુની મુલાકાત લઈ સારવારની સમીક્ષા કરવામાં આવી હતી. સારવાર આપતા તબીબો અને યુનિટ હેડ સાથે ચર્ચા કરીને બાળકોની સ્થિતિ પર સતત દેખરેખ રાખવા સૂચના આપવામાં આવી હતી. મુલાકાત દરમિયાન તમામ બાળકોની સ્થિતિ સ્થિર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, સબ સેન્ટરના આરોગ્ય કર્મચારીઓ, આશા કાર્યકરો તેમજ સંબંધિત આરોગ્ય ટીમો હોસ્પિટલોમાં સતત હાજર રહી બાળકોની સારવારની દેખરેખ રાખી રહી છે તેમજ તેમના પરિવારજનોને જરૂરી સહાય અને સાંત્વના પૂરી પાડી રહી છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, "બાળકોના આરોગ્ય અને સુરક્ષા સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. રાજ્ય સરકાર દર્દી સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. સમગ્ર ઘટનાની ગંભીરતાપૂર્વક તપાસ કરી જવાબદાર વ્યક્તિઓ સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવી ઘટના ભવિષ્યમાં ન બને તે માટે જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવશે." આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર ઘટનાની સતત મોનીટરીંગ કરવામાં આવી રહી છે અને તમામ બાળકોને શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ થાય તે માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

## "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત વન વિભાગ, ભરૂચ દ્વારા વૃક્ષારોપણ અને પ્લાન્ટેશન ડ્રાઈવનું આયોજન



કમલમ્,ભરૂચ

પર્યાવરણના સંરક્ષણ અને જિલ્લામાં હરિયાળી વધારવાના ઉમદા હેતુથી વન વિભાગ, ભરૂચ દ્વારા "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત વિવિધ સ્થળોએ સઘન વૃક્ષારોપણ અને પ્લાન્ટેશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાન દ્વારા ભવિષ્યની પેઢીઓને સ્વચ્છ અને પૌષ્ટિક પર્યાવરણ આપવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વન વિભાગ દ્વારા સંદેશ આપવામાં આવ્યો "એક વૃક્ષ – અનેક પેઢીઓ માટેની અમૂલ્ય ભેટ" છે. વૃક્ષો માત્ર છાંયડો કે ઓક્સિજન જ નથી આપતા, પરંતુ પર્યાવરણની સમતુલા જાળવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. વન વિભાગ, ભરૂચ દ્વારા તમામ નાગરિકો, સામાજિક સંસ્થાઓ અને યુવાનોને આ સંત જન-અભિયાનમાં જોડાઈને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા માટે હાર્દિક અપીલ કરવામાં આવે છે.

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાના ૨૫ ગૌરવવંતા વર્ષ નિમિત્તે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

**દક્ષિણ, પૂર્વ, મધ્ય અને ઉત્તર ઝોનના સંયુક્ત ઉપક્રમે 'સેવા સેતુ'ના ૧૨મા તબક્કાનું સફળ આયોજન**

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં નાગરિકોને સ્થળ પર જ સરકારી યોજનાઓના લાભો અને પ્રમાણપત્રોનું વિતરણ કરાયું**

**મુખ્યમંત્રીશ્રીએ વિવિધ યોજનાઓના સ્ટોલનું નિરીક્ષણ કર્યું અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો**

કમલમ્,અમદાવાદ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણના ૨૫ ગૌરવવંતા વર્ષોની ઉજવણીના ભાગરૂપે ચાલતા 'સેવા સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારના ૧૨મા તબક્કાના 'સેવા સેતુ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ઝોન, પૂર્વ ઝોન, મધ્ય ઝોન અને ઉત્તર ઝોનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવા સેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોને સરકારી યોજનાઓના લાભો મેળવવામાં સરળતા રહે અને તેમની વ્યક્તિગત અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ થાય તે સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'સેવા સેતુ' સ્થળ પર ઉપસ્થિત રહીને વિવિધ સરકારી યોજનાઓ હેઠળના લાભાર્થીઓને સ્થળ પર જ પ્રમાણપત્રો તથા સહાયના ચેક અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ લાભાર્થીઓ સાથે ખૂબ જ આત્મીયતાપૂર્વક વાતચીત કરીને યોજનાઓના લાભ મળવા અંગે પ્રતિભાવો મેળવ્યા હતા. આ ઉપરાંત, તેમણે સેવા સેતુ સ્થળ પર નાગરિકોની સુવિધા માટે ઊભા કરવામાં આવેલા વિવિધ યોજનાકીય ડેસ્કનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું અને કામગીરીની સમીક્ષા કરી હતી. પ્રધાનમંત્રીશ્રીના 'છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડવાના' સંકલ્પને સાકાર કરતા આ સેવા સેતુ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓ અને સહાયનો લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે શહેરી



**અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરીને 'સુશાસન અને સેવાસંકલ્પ'ની નેમ ચરિતાર્થ કરાઈ**

વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર હિતેશ બારોટ, સાંસદ દિનેશ મકવાણા, ધારાસભ્ય સવેશ્રી અમુલ ભટ્ટ, દિનેશસિંહ કુશવાહ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની, નાયબ મેયર અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલ, અગ્રણી પ્રેરક શાહ સહિત કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028